# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

# સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૨૭/૧૧/૨૦૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

**Re-Accredited Grade "A" by NAAC**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની નવેમ્બર માસની સામાન્ય સભા તા.૨૭/૧૧/૨૦૧૮ને મંગળવારના રોજ સવારના ૧૧:૩૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. નિલાંબરીબેન દવે -કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | ---- ખાલી ---- |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડૉ. પ્રફુલ્લાબેન જે. રાવલ | હાજર |
| ૧૦. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૧. | ડૉ. પ્રતાપસિંહ એલ. ચૌહાણ | ગેરહાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૪. | ડૉ. નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૫. | ડૉ. અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૬. | ડૉ. વિમલભાઈ પરમાર | હાજર |
| ૧૭. | ડૉ. ભરતભાઈ રામાનુજ | હાજર |
| ૧૮. | શ્રી ભરતભાઈ ઝવેરભાઈ વેકરીયા | હાજર |
| ૧૯. | ડૉ. વિજયભાઈ એન. દેસાણી | હાજર |
| ૨૦. | ડૉ. પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |

સભાની શરૂઆતમાં સર્વે સભ્યશ્રીઓને નૂતન વર્ષના અભિનંદન પાઠવવામાં આવેલ, પરીક્ષા વિભાગને પરીક્ષાને લગતી સમગ્ર કામગીરી બાબત અભિનંદન પાઠવવામાં આવેલ, યુનિવર્સિટી મહિલા હોકી ટીમ બે મેચ

જીતી તે માટે તેમને પણ અભિનંદન પાઠવવામાં આવેલ અને સમગ્ર વર્ષ દરમ્યાન યુનિવર્સિટી સ્ટાફ દ્વારા જે કામગીરી કરવામાં આવેલ તે બદલ સમગ્ર સ્ટાફ અને યુનિવર્સિટી તંત્રને અભિનંદન પાઠવવામાં આવેલ.

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૧૪/૦૯/૨૦૧૮ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૪/૦૯/૨૦૧૮ની મીનીટ્સ નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

**ઠરાવ નં. ૦૪**

**આથી ઠરાવવામાં આવે છે કે, પેરા મેડિકલ અભ્યાસક્રમો માટે અને રાષ્ટ્રીય વૈધાનિક સંસ્થા અંતર્ગત આવતાં હોય તેવા તમામ અભ્યાસક્રમો માટે અલગ-અલગ રાષ્ટ્રીય વૈધાનિક સંસ્થા અનુસારની અલગ-અલગ વિદ્યાશાખાની રચના કરવી અને તેનાં સ્ટેચ્યુટ મંજૂર કરવા સંબંધિત સત્તામંડળને ભલામણ કરવી.**

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૧૪/૦૯/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૪/૦૯/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રને જરૂરી સુવિધાઓ પૂરી પાડવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, તાલુકા કક્ષાએ સીસીટીવી લગાવેલ છે કે કેમ ? તેની ચકાસણી કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાની આવકમાંથી જુનિયર સુપરવાઈઝરનાં મહેનતાણાનાં દર નક્કી કરવા તેમજ જે પરીક્ષા કેન્દ્રમાં સીસીટીવી ના હોય તેની પેનલ્ટી નક્કી કરવા માટેની સર્વે સિન્ડિકેટ સભ્યશ્રીઓની કમિટિની સભા તા.૦૩/૧૨/૨૦૧૮ નાં રોજ બપોરે ૦૪:૦૦ કલાકે રાખવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

3 એકેડેમિક ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના પત્રાંક ઠરાવ ક્રમાંક પરચ/૨૦૧૮/૬૧/ખ-૧ તા.૧૪/૦૮/૨૦૧૮ નાં ઠરાવ ક્રમાંક ‘૨’ અન્વયે માન. કુલપતિશ્રી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૨૦૧૯ની શૈક્ષણિક સત્ર વ્યવસ્થા પૈકી વેકેશનનો સુધારો નીચે પ્રમાણેની વ્યવસ્થા એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજૂર કરેલ કાર્યને બહાલી આપવા બાબત.

**<u>શૈક્ષણિક સત્ર વ્યવસ્થા ૨૦૧૮-૨૦૧૯</u>**

**દ્વિતિય સત્રની તારીખ**

**દ્વિતિય શૈક્ષણિક સત્રનો પ્રારંભ:- તા.૧૯/૧૧/૨૦૧૮ને સોમવારથી થશે.**

૧. તા.૧૯/૧૧/૨૦૧૮ સોમવાર થી તા.૨૪/૦૪/૨૦૧૯ બુધવાર સુધી (ક્લાસરૂમ ટીચીંગ, પરીક્ષા મુલ્યાંકન સહીત) **–સંલગ્ન કોલેજો માટે**

તા.૧૯/૧૧/૨૦૧૮ સોમવાર થી તા.૨૪/૦૪/૨૦૧૯ બુધવાર સુધી (ક્લાસરૂમ ટીચીંગ, પરીક્ષા મુલ્યાંકન સહીત) **–યુનિવર્સિટી ભવનો/કેન્દ્રો/માન્ય સંસ્થાઓ માટે**

૨. તા.૨૫/૦૪/૨૦૧૯ ગુરૂવાર થી તા.૧૧/૦૬/૨૦૧૯ મંગળવાર સુધી Term End Break (ઉનાળું વેકેશન) **–સંલગ્ન કોલેજો માટે**

તા.૨૫/૦૪/૨૦૧૯ ગુરૂવાર થી તા.૧૧/૦૬/૨૦૧૯ મંગળવાર સુધી Term End Break (ઉનાળું વેકેશન) **–યુનિવર્સિટી ભવનો/કેન્દ્રો/માન્ય સંસ્થાઓ માટે**

નોંધ : (૧) ઉપરોક્ત સત્ર વ્યવસ્થા પરીપત્રાંક એકે/ઓ-૯૫/ઓ-૨૦૫/૮૨૩/૨૦૧૮ તા.૪/૧૦/૨૦૧૮થી પરિપત્રિત કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, માન.કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૪ એકેડેમિક ડીનશ્રી, તબીબી વિદ્યાશાખા તરફથી તબીબી વિદ્યાશાખા હેઠળનાં અભ્યાસક્રમો અંગે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ નાં પ્રથમ સત્રની વેકેશન વ્યવસ્થા માન.કુલપતિશ્રીએ અધિકાર મંડળોની બહાલીની અપેક્ષાએ મંજૂર કરેલ હોઈ, બહાલીના કાર્યની નોંધ લેવા બાબત.

**<u>First Term Vacation 2018</u>**

First half of vacation is – 15/10/2018 to 31/10/2018
Common working day – 01/11/2018
Second half of vacation – 02/11/2018 to 18/11/2018

નોંધ : પરીપત્રાંક એકે/વેકેશન/૮૨૨/તા.૩/૧૦/૨૦૧૮

**આથી ઠરાવવામાં આવે છે કે, માન.કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવામાં આવી.**

| | |
|---|---|
| ૫<br>મહેકમ-અ | ફાર્માસ્યુટિકલ સાયન્સ ભવનમાં કરાર આધારિત એક એસોસિએટ પ્રોફેસરની જગ્યા માસિક ફિક્સ રૂ। ૫૦,૦૦૦/- નાં વેતનથી ભરવા માટે વિચારણા થવા બાબત. |

(નોંધ: ફાર્માસ્યુટિકલ્સ સાયન્સ અનુસ્નાતક ભવનમાં ડી.એસ.ટી ઇન્સ્પાયર ફેકલ્ટી તરીકે ફરજ બજાવતાં ડૉ.વૈભવ ડી.ભટ્ટની મુદ્દત તા.૦૧/૦૯/૨૦૧૮ નાં રોજ પૂર્ણ થતા ભવનનાં વડાએ ડૉ.વૈભવ ભટ્ટ દ્વારા શીખવવામાં આવતા માસ્ટર ઓફ ફાર્મસી મેનેજમેન્ટ તથા માઈક્રોબાયોલોજી વિષય માટે એક કરાર આધારિત એસોસિએટ પ્રોફેસરની માસિક ફિક્સ રૂ। ૫૦,૦૦૦/- થી નિમણુંક કરવા મંજૂરી માંગેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે, ફાર્માસ્યુટિકલ સાયન્સ ભવનમાં કરાર આધારિત એક એસોસિએટ પ્રોફેસરની જગ્યા માસિક ફિક્સ રૂ। ૫૦,૦૦૦/- નાં વેતનથી સ્વનિર્ભર ધોરણે ભરવા માટે જાહેરાત આપી પ્રક્રિયા હાથ ધરવી.**

| | |
|---|---|
| ૬<br>મહેકમ-અ | ફાર્માસ્યુટિકલ સાયન્સ અનુસ્નાતક ભવનમાં ડૉ. વૈભવ ભટ્ટને એસોસિએટ પ્રોફેસરના એન્ટ્રી લેવલના કુલ પગાર જેટલા વેતનથી બોલાવવા અંગે ભવનના વડાની રજૂઆત પ્રત્યે વિચારણા થવા બાબત. |

(નોંધ: ફાર્માસ્યુટિકલ સાયન્સ અનુસ્નાતક ભવનમાં ડીએસટી ઇન્સ્પાયર ફેકલ્ટી તરીકે પાંચ વર્ષની મુદ્દત માટે ફરજ બજાવતાં ડૉ.વૈભવ ભટ્ટની મુદ્દત તા.૦૧/૦૯/૨૦૧૮ નાં રોજ પૂર્ણ થતા ભવનનાં વડાએ ડૉ.ભટ્ટનું ભવનમાં વિવિધ ક્ષેત્રોમાં આપેલ પ્રદાન ધ્યાને લઇ તેમને યુનિવર્સિટીનાં એસોસિએટ પ્રોફેસરનાં એન્ટ્રી લેવલનાં કુલ પગાર જેટલા વેતનથી ચાલુ રાખવા આ બાબત સિન્ડીકેટ સમક્ષ મુકવા વિનંતી કરેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત બાબતે જાહેરાત આપી પ્રક્રિયા હાથ ધરવી.**

| | |
|---|---|
| ૭<br>મહેકમ-અ | યુનિવર્સિટીનાં અંગ્રેજી અનુસ્નાતક ભવનમાં "વોક ઇન ઇન્ટરવ્યુ" દ્વારા કરાર આધારિત આસિસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ૧૧ માસ માટે રૂ। ૨૫,૦૦૦/- નાં ફિક્સ વેતનથી નિમણુંક કરવા માટે મળેલી વરણી સમિતિની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારોને સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ નિમણુંક આદેશ આપ્યા અંગેનાં માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત. |

| ક્રમ | ભવનનું નામ | જાહેરાત આપ્યા તારીખ | વરણી સમિતિની તારીખ | પસંદ થયેલ ઉમેદવારનું નામ | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | અંગ્રેજી અનુસ્નાતક ભવન | તા.૧૬/૦૯/૨૦૧૮ | તા.૨૪/૦૯/૨૦૧૮ | (૧) કું.પ્રતિક્ષા એન.ચાવડા | રૂ। ૨૫,૦૦૦/- ફિક્સ |
| | | | | (૨) વિજયકુમાર વી.જોટવા | રૂ। ૨૫,૦૦૦/- ફિક્સ |

(નોંધ: અંગ્રેજી અનુસ્નાતક ભવન કરાર આધારીત આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ની જગ્યા ભરવા માટે ઉપર્યુક્ત વિગતે "વોક ઇન ઇન્ટરવ્યુ" ગોઠવવામાં આવેલ.

વરણી સમિતિની ભલામણ મુજબ રૂ| ૨૫,૦૦૦/- નાં ફિક્સ વેતનથી આ જગ્યાઓ ભરવા માટે ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ હતી, સિન્ડીકેટની તા.૨૫/ ૦૬/ ૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક ૯ થી ઠરાવ્યા મુજબ વરણી સમિતિની મિનટ્સ સિન્ડીકેટ સમક્ષ મુકવાની રહે છે પરંતુ અંગ્રેજી અનુસ્નાતક ભવનનાં પ્રોફેસર ડૉ.સંજય મુખર્જી એક વર્ષની સબેટીકલ લીવ પર હોય તથા ભવનમાં ૨ આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યાઓ લાંબા સમયથી ખાલી હોય ભવનનાં વર્કલોડને પહોચી વળવા માટે સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ નિમણુંક આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે, માન.કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૮
પરીક્ષા -૫

તા.૧૩/03/૨૦૧૮ નાં રોજ મળેલ સિન્ડિકેટની એક સામાન્ય સભામાં ઠરાવ નં.-33 માં જણાવ્યા પ્રમાણે G.I.P.L.કંપની પાસેથી CBCS પરીક્ષાનાં ડીગ્રી કક્ષાનાં અભ્યાસક્રમ હેઠળ જુદી જુદી પરીક્ષાઓમાં સને વર્ષ-૨૦૧૧ થી ૨૦૧૮ દરમ્યાન સફળ થયેલા વિદ્યાર્થીઓની યાદી/ડેટા ઉપરથી એક સરખા નામોવાળા વિદ્યાર્થીનાં માર્કશીટમાં આપેલ ફોટોની ચકાસણી કરતા પાંચ વિધાર્થીઓ એક કરતા વધુ અભ્યાસક્રમમાં પરીક્ષા આપેલ છે. પરંતુ તા.૧૯/૦૬/૨૦૧૮ની સિન્ડિકેટની આઈટમમાં મળેલ આદેશ મુજબ વિદ્યાર્થીઓના ખુલાસા પૂછવામાં આવતા (બિડાણ માં છે) તે પૈકીનાં ચાર વિદ્યાર્થીઓએ બે અભ્યાસક્રમોમાં એક સાથે પરીક્ષાઓ આપેલ હતી. જયારે એક વિદ્યાર્થીએ ફક્ત બી.એડ. પરીક્ષા આપેલ હતી. હવે સદરહું વિદ્યાર્થીઓના પદવી પ્રમાણપત્રો જે તે સમયે પદવીદાન સમારંભ/સેનેટ સભામાં એનાયત થયેલ અને તેમના આપેલ ઘરના સરનામે મોકલી આપેલ છે.

હવે સદરહું ચાર વિદ્યાર્થીઓએ એક સાથે એક કરતા વધુ અભ્યાક્રમમાં પરીક્ષાઓ પાસ કરેલ છે અને પદવીઓ પણ મેળવેલ છે. જે અંગેના નિર્ણય કરવા જરૂરી આદેશાર્થે સાદર રજૂ.

**આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓના ખુલાસા માન્ય રાખવા અને જે ચાર વિદ્યાર્થીઓએ એક સાથે એક કરતા વધુ અભ્યાક્રમમાં પરીક્ષાઓ પાસ કરેલ છે અને પદવીઓ પણ મેળવેલ છે એવા વિદ્યાર્થીઓનાં ખુલાસામાં તેઓએ જે ડીગ્રી રદ્દ કરવા માટે વિનંતી કરી હોય તે ડીગ્રી રદ્દ કરવી અને તે માટે આગળની કાર્યવાહી હાથ ધરવી.**

**(નોંધ : વિદ્યાર્થીઓના ખુલાસા પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે)**

૯ તા.૨૩/૧૦/૨૦૧૮ નાં રોજ મળેલ એસ્ટેટ કમિટી ની ભલામણો મંજુર કરવા બાબત.

બાંધકામ

**આથી ઠરાવવામાં આવે છે કે, એસ્ટેટ કમિટિની તા.૨૩/૧૦/૨૦૧૮ની સભાની ભલામણો નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવી.**

**ઠરાવ ક્રમાંક ૧૩ :**

**આથી ઠરાવવામાં આવે છે કે, સ્વિમિંગ પુલનાં કામ સંદર્ભે TPI કરાવ્યા વગર કોઈપણ એક્સ્ટ્રા એક્સેસ કામની રકમ ચૂકવવી નહિ અને નિર્ણય થાય તે દરમ્યાનમાં વચગાળાનાં ચૂકવણારૂપે ટેન્ડરની રકમની કુલ મર્યાદામાં રહીને હાલ રૂ. ૧.૫૦ કરોડની ઉચ્ચક રકમનું ચૂકવણું કરવું તથા સમગ્ર કામ સંતોષકારક રીતે પૂર્ણ થયે બાકીનું નિયમાનુસાર ચૂકવણું કરવું.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે એક્સ્ટ્રા એક્સેસ માટે કમિટિની રચના કરવી અને તેનાં માટે જવાબદારી નક્કી કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટીમાંથી કોઈપણ એક્સ્ટ્રા એક્સેસ રકમની મંજૂરી મેળવ્યા સિવાય ચૂકવણું કરવું નહિ.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્વિમિંગ પુલમાં આટલી વધુ રકમનું એક્સ્ટ્રા એક્સેસ થવા સંદર્ભે યુનિવર્સિટી એન્જીનીયર તેમજ PMC નો ખુલાસો પૂછવો.**

**(નોંધ: એસ્ટેટ કમિટિની તા.૨૩/૧૦/૨૦૧૮ નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "03" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૦ જોડાણ આચાર્યશ્રી, સ્વામીનારાયણ ફિઝીયોથેરાપી કોલેજ-નાઘેડી દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ૨૩/૧૦/૨૦૧૮ના ચુકાદા અનુસાર કોલેજ દ્વારા સંલગ્નમાં નવું જોડાણ આપવા વર્ષ: ૨૦૧૯-૨૦ થી અરજીકરવામાં આવેલ છે નામ ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા.૩૧/૦૧/૨૦૧૯ સુધીમાં જોડાણની પ્રક્રિયા પૂર્ણ કરી ટ્રસ્ટને જાણ કરવા જણાવેલ છે. તે પરત્વે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ-૩૪ અનુસાર અરજી સ્વીકારી, એલ.આઈ.સી. નિયુક્ત કરવા બાબત.

**જોડાણની વિગત:**

વિજ્ઞાન વિદ્યાશાખા- (નવું જોડાણ)

પ્રથમ વર્ષ બી.એસસી. (મુખ્ય/ગૌણ) ફિઝીક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ, માઈક્રો બાયોલોજી, બાયોલોજી, બોટની, ઝુલોજી, બાયોકેમેસ્ટ્રી, ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી

નોંધ:
૧. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં આદેશ અનુસાર કોલેજ દ્વારા તા.૩૧/૧૦/૨૦૧૮ સુધીમાં અરજી કરવા જણાવેલ છે.

૨. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં આદેશ અનુસાર કોલેજ તા.૨૩/૧૦/૨૦૧૮નાં રોજ અરજી કરેલ છે.

૩. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં આદેશ અનુસાર તા.૩૧/૦૧/૨૦૧૯ સુધીમાં જોડાણની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કરી કોલેજને જાણ કરવા જણાવેલ છે.

૪. આ અગાઉ સિન્ડિકેટ તા.૨૪/૦૭/૨૦૧૪ ઠ.૩૩.થી સદરહુ અભ્યાસક્રમની ભલામણ રાજ્ય સરકારશ્રીને કરવામાં આવેલ પરંતુ એકજ વર્ષમાં ૦૨ અભ્યાસક્રમોના જોડાણ થતા સિન્ડિકેટ તા.૨૬/૦૬/૨૦૧૫ ઠરાવ-૫૨ થી ભલામણ થયેલ બાબત/દરખાસ્ત રદ કરવા સિન્ડિકેટ દ્વારા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવામાં આવેલ.

**આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્યશ્રી, સ્વામીનારાયણ ફિઝીયોથેરાપી કોલેજ-નાઘેડી દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ૨૩/૧૦/૨૦૧૮ના ચુકાદા અનુસાર કોલેજ દ્વારા સંલગ્નમાં નવું જોડાણ આપવા વર્ષ: ૨૦૧૯-૨૦ થી અરજી કરવામાં આવેલ છે તે પરત્વે નીચે મુજબ સ્થાનિક તપાસ સમિતિની રચના કરવી.**

**૧. ડૉ. જી.સી. ભીમાણી　　૨. ડૉ. વિમલભાઈ પરમાર**

**૩. પ્રિ. રંજનાબેન અગ્રવાલ　૪. યુનિવર્સિટી ઈજનેરશ્રી**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, ચાલુ જોડાણ માટેની અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિમાં ઓછામાં ઓછા ૦૩ સભ્યોની નિયુક્તિ કરવી અને સિનિયર મોસ્ટ સિન્ડિકેટ સભ્યશ્રીનું નામ પ્રથમ ચેરમેન તરીકે લખવું તેમજ સમિતિના બધા જ સભ્યશ્રીઓએ LICમાં એક સાથે જવું. અલગથી જનાર સભ્યશ્રીને ટી.એ./ડી.એ. ચૂકવવાનું રહેશે નહિ.**

૧૧ જોડાણ　એન.સી.ટી.ઈ.ના તા.૦૫/૦૯/૨૦૧૮ ના પત્ર પરત્વે વિચારણા થવા બાબત.

નોંધ : ૧. NCTE ના તા.૫/૯/૨૦૧૮ ના પત્ર ક્રમાંક:RD/WRC/2017/199555 થી જણાવ્યા મુજબ યુનિવર્સીટી દ્વારા જે સ્ટાફ પ્રોફાઈલ ફોરવર્ડ કરવામાં આવે છે તેમાં દર્શાવેલ શૈક્ષણિક સ્ટાફ NCTE રેગ્યુલેશન્સ, ૨૦૧૪ ના એપેન્ડીક્સ -૪ મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોતા નથી તેથી યુનિવર્સીટીના ઓરીજનલ રેકર્ડ સાથે ખરાઈ કરી સંબંધિત અધિકારીશ્રીઓ નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની સટાફ પ્રોફાઈલ મોકલવાની રહે છે.

૨. NCTE ના તા.૨૮/૧૧/૨૦૧૪ ના નોટીફિકેશન ક્રમાંક એફ.નં.૫૧-૧/૨૦૧૪ NCTE (એન.એન્ડ એસ) બી.એડ અભ્યાસક્રમના શૈક્ષણિક લાયકાતના ધોરણો નિયત થયેલ છે જેમાં NET/SET/Ph.D.ની શૈક્ષણિક લાયકાત નિયત થયેલ છે જેને અત્રેની યુનિવર્સીટી દ્વારા પરિપત્રિત કરવામાં આવેલ છે.

૩. NCTE ના તા.૨૯/૦૫/૨૦૧૭ ના નોટીફિકેશન ક્રમાંક એફ.નં.૫૧-૧/૨૦૧૫/ NCTE (એન.એન્ડ એસ.) થી નોંધ નં.-૨ માં દર્શાવેલ નોટીફીકેશનમાં સુધારો થયેલ છે.

૪. NCTE ના તા.૫/૯/૨૦૧૮ ના પત્ર પરત્વે ડીનશ્રી,શિક્ષણ વિદ્યાશાખા એ નીચે મુજબ અભિપ્રાય આપેલ છે.

**NCTE પાસે નીચે મુજબ સ્પષ્ટતા મેળવીએ.**

૧. ગેઝેટ પ્રસિધ્ધ થયા અગાઉ અપાયેલ માન્યતા NCTE દ્વારા માન્ય ગણાવી કે કેમ?

૨. બી.એડ., એમ.એડ. સયુંકત એકમની જોગવાઈ જુના રેગ્યુલેશન માં હતી તો ૧+૧+૯ પ્રિન્સીપાલ , એચ.ઓ.ડી.અને લેક્ચરર હતા તો તે માન્ય ગણવા કે નહી?

૩. ગ્રાન્ટ ઇન એઇડ કોલેજ માં સ્પોર્ટ્સ ,ક્રાફ્ટ, ફાઈન આર્ટસ અને કોમ્પ્યુટર ટીચર નું મહેકમ મંજૂર થયેલ નથી તો તે બાબતે NCTE નું માર્ગદર્શન મેળવીએ.

૪. જુની માન્યતા ધરાવતા અધ્યાપકો નવી કોલેજમાં જાય તો " Once a Teacher is always a Teacher" ની વાત કોર્ટ દ્વારા સ્વીકારાયેલ છે તે મુજબ તેમને નિયુક્ત કરી શકાય કે કેમ?

૫. યુનિવર્સિટી ભવનમાં 1+2+3+4 મુજબનું માળખું મંજૂર થયેલ છે તો તેમને માટે ૧+૨+૮ જેટલા અધ્યાપકોની જોગવાઈ કરવા માટે રાજય સરકારશ્રી /યુજીસી ની મંજુરી લઈ આગળની કાર્યવાહી થઇ શકે તેવી NCTE ને જાણ કરીએ.

**આથી ઠરાવવામાં આવે છે કે, એન.સી.ટી.ઈ.ના તા.૦૫/૦૯/૨૦૧૮ ના પત્રની નોંધ લેવામાં આવી તેમજ NCTE પાસે ઉપરોક્ત દર્શાવ્યા મુજબ સ્પષ્ટતા મેળવવી.**

**(નોંધ : NCTE નો તા.૦૫/૦૯/૨૦૧૮ નો પત્ર પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૨ જોડાણ

ટ્રસ્ટીશ્રી, ક્રાઈસ્ટ હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત ક્રાઈસ્ટ કોલેજ ઓફ નર્સિંગ, માધાપર, રાજકોટએ બી.એસસી નર્સિંગની નવી કોલેજ શરૂ કરવા વર્ષ: ૨૦૧૮-૧૯ માટેની અરજી પરત્વેના સ્થાનિક તપાસ સમીતીના અહેવાલને ધ્યાને લઈ તથા કાઉન્સિલ દ્વારા મુકેલ શરતો અને યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ શરતોનું પરિપાલન કરવાની શરતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી –ઓર્ડીનન્સ ૧૮૪ અન્વયે માન. કુલપતિશ્રી તરીકે મળેલ સત્તા મુજબ એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ તબીબી વિદ્યાશાખાનાં બી.એસ.સી. નર્સિંગના નવા અભ્યાસક્રમનું એક વર્ષનું નવું જોડાણ તા.૧૫/૦૬/૨૦૧૮ થી તા.૧૪/૦૬/૨૦૧૯ સુધી આપવા તેમજ સૈદ્ધાતિક પૂર્વ મંજુરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા તેમજ સંસ્થા/ કોલેજને જોડાણ પ્રમાણપત્ર આપ્યાના કાર્યની નોંધ લેવા બાબત.

**જોડાણની વિગત :**

તબીબી વિદ્યાશાખા : (નવું જોડાણ)

પ્રથમ વર્ષ બી.એસ.સી નર્સિંગના અભ્યાસક્રમ

નોંધ : ૧. સંસ્થાને હેલ્થ એન્ડ ફમિલી વેલ્ફેર વિભાગ દ્વારા તા.૨૦/૦૧/૨૦૧૮ થી એસેન્સિયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે.

૨. સંસ્થાને જી.એન.સી. દ્વારા તા.૦૫/૧૧/૨૦૧૮ નાં પત્રથી વર્ષ: ૨૦૧૮-૧૯ માટે ૨૦ સીટની બી.એસ.સી. નર્સિંગનાં અભ્યાસક્રમની મંજુરી આપવામાં આવેલ છે.

૩. યુનિવર્સીટી દ્વારા કોલેજને જોડાણ/૨/૧૪૦૩/૨૦૧૮, તા.૧૪/૧૧/૨૦૧૮ થી પ્રવેશ પ્રક્રિયા માટે જોડાણ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત વિગતે બી.એસસી. નર્સિંગના નવા અભ્યાસક્રમનું ૦૧ વર્ષના નવા જોડાણની રાજ્ય સરકારશ્રીને ભલામણ કર્યાના માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નર્સિંગ કાઉન્સિલના નિયમ મુજબની પેરેન્ટલ હોસ્પિટલ છે તેનો આધાર LIC અહેવાલમાં છે કે નહિ તે ચકાસવું અને ન હોય તો LICનાંસભ્યો પાસે મંગાવવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નવી નર્સિંગ કોલેજની સ્ટાફ પ્રોફાઈલ કુલસચિવ પાસે વેરીફાઈ કરાવવી.**

**(નોંધ : સિન્ડિકેટમાં થયેલી ચર્ચા અનુસાર નર્સિંગ કાઉન્સિલના નિયમાનુસાર પેરેન્ટલ હોસ્પિટલ એટલે કે કોલેજનાં ટ્રસ્ટ અને હોસ્પિટલનાં ટ્રસ્ટમાં ઓછામાં ઓછા એક સભ્ય કોમન બંને ટ્રસ્ટમાં હોવા જોઈએ.)**

૧૩ જોડાણ ટ્રસ્ટીશ્રી, સ્વામિનારાયણ સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત- સ્વામિનારાયણ ફીઝીઓથેરાપી કોલેજ- નાઘેડી, જી.જામનગર સંલગ્ન બી.એસ.સી. નર્સિંગ નવો અભ્યાસક્રમ શરૂ કરવા વર્ષ: ૨૦૧૮-૧૯ માટેની અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલને દયાને લઈ તથા કાઉન્સિલ દ્વારા મુકેલ શરતો અને યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ શરતોનું પરિપાલન કરવાની શરતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-ઓર્ડીનન્સ ૧૮૪ અન્વયે માન.કુલપતિશ્રી તરીકે મળેલ સત્તા મુજબ એકેડમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ સંલગ્ન કોલેજમાં બી.એસ.સી. નર્સિંગનાં નવા અભ્યાસક્રમનું એક વર્ષનું નવું જોડાણ તા.૧૫/૦૬/૨૦૧૮ થી તા.૧૪/૦૬/૨૦૧૯ સુધી આપવા તેમજ સૈદ્ધાતિક પૂર્વ મંજુરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા તેમજ સંસ્થા/કોલેજને જોડાણ પ્રમાણપત્ર આપયાનાં કાર્યની નોંધ લેવા બાબત.

**જોડાણની વિગત :**

તબીબી વિદ્યાશાખા : (નવું જોડાણ)

પ્રથમ વર્ષ બી.એસ.સી નર્સિંગના અભ્યાસક્રમ

નોંધ : ૧. સંસ્થાને હેલ્થ એન્ડ ફમિલી વેલ્ફેર વિભાગ દ્વારા તા.૩૦/૧૧/૨૦૧૭ થી એસેન્સિયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે.

૨. સંસ્થાને જી.એન.સી. દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૮ નાં પત્રથી વર્ષ: ૨૦૧૮-૧૯ માટે ૫૦ સીટની બી.એસ.સી. નર્સિંગનાં અભ્યાસક્રમની મંજુરી આપવામાં આવેલ છે.

૩. યુનિવર્સીટી દ્વારા કોલેજને જોડાણ/૨/૯૫૬/૨૦૧૮, તા.૦૭/૦૮/૨૦૧૮ થી પ્રવેશ પ્રક્રિયા માટે જોડાણ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત વિગતે બી.એસસી. નર્સિંગના નવા અભ્યાસક્રમનું ૦૧ વર્ષના નવા જોડાણની રાજ્ય સરકારશ્રીને ભલામણ કર્યાના માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નર્સિંગ કાઉન્સિલના નિયમ મુજબની પેરેન્ટલ હોસ્પિટલ છે તેનો આધાર LIC અહેવાલમાં છે કે નહિ તે ચકાસવું અને ન હોય તો LICનાંસભ્યો પાસે મંગાવવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નવી નર્સિંગ કોલેજની સ્ટાફ પ્રોફાઈલ કુલસચિવ પાસે વેરીફાઈ કરાવવી.**

**(નોંધ : સિન્ડિકેટમાં થયેલી ચર્ચા અનુસાર નર્સિંગ કાઉન્સિલના નિયમાનુસાર પેરેન્ટલ હોસ્પિટલ એટલે કે કોલેજનાં ટ્રસ્ટ અને હોસ્પિટલનાં ટ્રસ્ટમાં ઓછામાં ઓછા એક સભ્ય કોમન બંને ટ્રસ્ટમાં હોવા જોઈએ.)**

૧૪ જોડાણ ટ્રસ્ટીશ્રી, શ્રી રાધાક્રીશ્ના ગો સેવા ટ્રસ્ટ સંચાલિત-શ્રી એન.એલ. અમોદ્રા બી.એસ.સી. નર્સિંગ કોલેજ-ચરાડવા, તા.હળવદ, જી. મોરબીએ બી.એસસી નર્સિંગની નવી કોલેજ શરૂ કરવા વર્ષ: ૨૦૧૮-૧૯ માટેની અરજી પરત્વેના સ્થાનિક તપાસ સમીતીના અહેવાલને ધ્યાને લઈ તથા કાઉન્સિલ દ્વારા મુકેલ શરતો અને યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ શરતોનું પરિપાલન કરવાની શરતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી –ઓર્ડીનન્સ ૧૮૪ અન્વયે માન. કુલપતિશ્રી તરીકે મળેલ સત્તા મુજબ એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ તબીબી વિદ્યાશાખાનાં બી.એસ.સી. નર્સિંગના નવા અભ્યાસક્રમનું એક વર્ષનું નવું જોડાણ તા.૧૫/૦૬/૨૦૧૮ થી તા.૧૪/૦૬/૨૦૧૯ સુધી આપવા તેમજ સૈદ્ધાતિક પૂર્વ મંજુરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા તેમજ સંસ્થા/કોલેજને જોડાણ પ્રમાણપત્ર આપ્યાના કાર્યની નોંધ લેવા બાબત.

**જોડાણની વિગત :**

તબીબી વિદ્યાશાખા : (નવું જોડાણ)

પ્રથમ વર્ષ બી.એસ.સી નર્સિંગના અભ્યાસક્રમ

નોંધ : ૧. સંસ્થાને હેલ્થ એન્ડ ફમિલી વેલ્ફેર વિભાગ દ્વારા તા.૦૫/૦૬/૨૦૧૮ થી એસેન્સિયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે.

૨. સંસ્થાને જી.એન.સી. દ્વારા તા.૦૧/૦૮/૨૦૧૮ નાં પત્રથી વર્ષ: ૨૦૧૮-૧૯ માટે ૪૦ સીટની બી.એસ.સી. નર્સિંગનાં અભ્યાસક્રમની મંજુરી આપવામાં આવેલ છે.

૩. યુનિવર્સીટી દ્વારા કોલેજને જોડાણ/૨/૧૦૮૨/૨૦૧૮, તા.૨૭/૦૮/૨૦૧૮ થી પ્રવેશ પ્રક્રિયા માટે જોડાણ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત વિગતે બી.એસસી. નર્સિંગના નવા અભ્યાસક્રમનું ૦૧ વર્ષના નવા જોડાણની રાજ્ય સરકારશ્રીને ભલામણ કર્યાના માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નર્સિંગ કાઉન્સિલના નિયમ મુજબની પેરેન્ટલ હોસ્પિટલ છે તેનો આધાર LIC અહેવાલમાં છે કે નહિ તે ચકાસવું અને ન હોય તો LICનાંસભ્યો પાસે મંગાવવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નવી નર્સિંગ કોલેજની સ્ટાફ પ્રોફાઈલ કુલસચિવ પાસે વેરીફાઈ કરાવવી.**

**(નોંધ : સિન્ડિકેટમાં થયેલી ચર્ચા અનુસાર નર્સિંગ કાઉન્સિલના નિયમાનુસાર પેરેન્ટલ હોસ્પિટલ એટલે કે કોલેજનાં ટ્રસ્ટ અને હોસ્પિટલનાં ટ્રસ્ટમાં ઓછામાં ઓછા એક સભ્ય કોમન બંને ટ્રસ્ટમાં હોવા જોઈએ.)**

૧૫ જોડાણ

ટ્રસ્ટીશ્રી, ભાગ્યોદય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત- અર્પિત નર્સિંગ સ્કુલ એન્ડ કોલેજ-હડાળા, તા.ટંકારા, જ. મોરબી દ્વારા જુન-૨૦૧૭ થી નવી કોલેજની જોડાણ અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ ધ્યાને લઈ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સિન્ડિકેટ તા.૨૯/૧૨/૨૦૧૬ની સભાના ઠરાવ નં.૫૪ થી વર્ષ: ૧૫/૦૬/૨૦૧૭થી નવું જોડાણ વર્ષ: ૨૦૧૭થિ આપવા સૈદ્ધાંતિક પૂર્વ મંજુરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવામાં આવેલ.

જે અન્વયે સંસ્થાને જી.એન.સી. દ્વારા વર્ષ:૨૦૧૮-૧૯ થી બી.એસ.સી. નર્સિંગનાં અભ્યાસક્રમની મંજુરી આપતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઓર્ડીનન્સ- ૧૮૪ અન્વયે માન. કુલપતિશ્રી તરીકે મળેલ સત્તા મુજબ એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ નીચે દર્શાવેલ અભ્યાસક્રમનું નવું જોડાણ તા.૧૫/૦૬/૨૦૧૭ થી તા.૧૪/૦૬/૨૦૧૮ ને બદલે તા.૧૫/૦૬/૨૦૧૮ થી તા.૧૪/૦૬/૨૦૧૯ સુધી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા તેમજ કોલેજને જોડાણ પ્રમાણપત્ર આપયાનાં કાર્યની નોંધ લેવા બાબત.

**જોડાણની વિગત :**

તબીબી વિદ્યાશાખા : (નવું જોડાણ)

પ્રથમ વર્ષ બી.એસ.સી નર્સિંગના અભ્યાસક્રમ

નોંધ : ૧. સંસ્થાને હેલ્થ એન્ડ ફમિલી વેલ્ફેર વિભાગ દ્વારા તા.૧૫/૧૨/૨૦૧૬થી એસેન્સિયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે.

૨. સંસ્થાને જી.એન.સી. દ્વારા તા.૨૩/૧૦/૨૦૧૮ નાં પત્રથી વર્ષ: ૨૦૧૮-૧૯ માટે ૨૦ સીટની બી.એસ.સી. નર્સિંગનાં અભ્યાસક્રમની મંજુરી આપવામાં આવેલ છે.

૩. યુનિવર્સીટી દ્વારા કોલેજને જોડાણ/૨/૧૪૬૪/૨૦૧૮, તા.૨૭/૧૦/૨૦૧૮ થી પ્રવેશ પ્રક્રિયા માટે જોડાણ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત વિગતે બી.એસસી. નર્સિંગનાં નવા અભ્યાસક્રમના ૦૧ વર્ષના નવા જોડાણની વર્ષ ૨૦૧૭-૧૮ માટે જે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવામાં આવેલ છે તેનાં બદલે સદરહું ભલામણ વર્ષ ૨૦૧૮-૧૯ માટે રાજ્ય સરકારશ્રીને કર્યાના માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નર્સિંગ કાઉન્સિલના નિયમ મુજબની પેરેન્ટલ હોસ્પિટલ છે તેનો આધાર LIC અહેવાલમાં છે કે નહિ તે ચકાસવું અને ન હોય તો LICનાંસભ્યો પાસે મંગાવવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નવી નર્સિંગ કોલેજની સ્ટાફ પ્રોફાઈલ કુલસચિવ પાસે વેરીફાઈ કરાવવી.**

**(નોંધ : સિન્ડિકેટમાં થયેલી ચર્ચા અનુસાર નર્સિંગ કાઉન્સિલના નિયમાનુસાર પેરેન્ટલ હોસ્પિટલ એટલે કે કોલેજનાં ટ્રસ્ટ અને હોસ્પિટલનાં ટ્રસ્ટમાં ઓછામાં ઓછા એક સભ્ય કોમન બંને ટ્રસ્ટમાં હોવા જોઈએ.)**

૧૬ શા.શી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટસની એક સભા તા.૨૦/૦૯/૨૦૧૮ ને ગુરૂવારનાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ હતી. તેની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટસ કમિટિની તા.૨૦/૦૯/૨૦૧૮ની સભાની ભલામણો નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવી.**

**ઠરાવ ક્રમાંક : ૦૮**

**આથી ઠરાવવામાં આવે છે કે ઓપ વર્ગ માટે ૦૨ લાખ અને તાલીમ વર્ગ માટે ૦૮ લાખ મંજૂર કરવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે દેશની કોઈપણ સ્પોર્ટસ યુનિવર્સિટીમાં ઓપવર્ગ કરવા માટે મંજૂરી આપવી અને તે માટે ઓપવર્ગ અંતર્ગત ફાળવવામાં આવેલી રકમનો ઉપયોગ કરવો.**

**ઠરાવ ક્રમાંક : ૧૩**

**આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ સ્પર્ધામાં ભાગ લેવા જનાર વિદ્યાર્થીઓની પરીક્ષા તે જ સમયે હોય તો તેવા વિદ્યાર્થીઓની પરીક્ષા માટે અલગથી આયોજન કરી પરીક્ષા લેવી.**

**ઠરાવ ક્રમાંક : ૧૪**

**આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ સ્પોર્ટસનાં સભ્યોને બદલે કોચ, મેનેજર અને ખેલાડીઓને ટ્રેકસુટ આપવા તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન માન્ય સંસ્થા/ભવનને રૂ.૧૦,૦૦૦/- નાં સાધનો ફાળવવા.**

**(નોંધ: બોર્ડ ઓફ સ્પોર્ટસની તા.૨૦/૦૯/૨૦૧૮ નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૭ પરીક્ષા-૧ વિવિધ સ્પર્ધામાં યુનિવર્સિટી કક્ષાએ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરતા હોઈ તેટલા જ વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પર SPORTS PERSON REMEDIAL પરીક્ષાનું આયોજન કરવું જોઈએ. તે અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધામાં આંતર યુનિવર્સિટી કક્ષાએ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરતા અને નેશનલ કક્ષાએ રમતગમત, યુવક મહોત્સવ, એન.એસ.એસ તેમજ એન.સી.સી. માં જતા હોય તેટલા જ વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પર SPORTS PERSON REMEDIAL પરીક્ષાનું આયોજન કરવું.**

**(નોંધ: મંજૂર થયેલ નોંધની તથા પત્રની નકલ પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૮ હિસાબ ચીજવસ્તુઓની ખરીદી કરવા માટેના ઓર્ડિનન્સ ૪૩માં અપાયેલ નાણાંકિય સત્તા મર્યાદામાં સુધારો કરવા બાબત.

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં સંબધિત ખરીદ કરતા અધિકારી દ્વારા (હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ/ કુલસચિવશ્રી) રૂ|.૫૦,૦૦૦/- સુધીની ખરીદી Government e-marketplace (GeM) ઉપર ઉપલબ્ધ ચીજવસ્તુઓમાંથી સીધી ખરીદ કરી શકાશે. આ બાબતે ઓર્ડીનન્સ ૪૨ માં અપાયેલ

નાણાકીય સત્તા મર્યાદામાં જરૂરી સુધારો કરવા અંગે કમીટીએ ભલામણ કરેલ છે.

| **હાલની જોગવાઈ** | **સુધારેલ જોગવાઈ** |
|---|---|
| હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ/ કુલસચિવશ્રી દ્વારા હાલમાં ચીજ વસ્તુઓની ખરીદી માટે નાણાંકીય સત્તા કાવોટશન મંગાવીને અથવા RC માં હોય તો રૂા.૩૫,૦૦૦/- ની છે. | હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ/ કુલસચિવશ્રી દ્વારા ચીજવસ્તુઓની ખરીદી Government e-market place(GeM) ઉપર ઉપલબ્ધ ચીજવસ્તુઓમાંથી ખરીદી કરવા માટેની નાણાંકીય સત્તા રૂા.૩૫,૦૦૦/-થી વધારીને રૂા.૫૦,૦૦૦/-ની કરવા ભલામણ કરવામાં આવેલ છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે, હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ/ કુલસચિવશ્રી દ્વારા ચીજવસ્તુઓની ખરીદી Government e-market place(GeM) ઉપર ઉપલબ્ધ ચીજવસ્તુઓમાંથી ખરીદી કરવા માટેની નાણાંકીય સત્તા રૂા.૩૫,૦૦૦/-થી વધારીને રૂા.૫૦,૦૦૦/-ની કરવા ઓર્ડિનન્સ ૪૩માં સુધારો કરવા સેનેટને ભલામણ કરવી.**

૧૯ એકેડેમિક

પરિપત્રાંક એકે/ફાર્મસી/*CCDT*/૭૪૮/૨૦૧૮ તા.૨૩-૮-૨૦૧૮નાં પરિપત્ર અન્વયે માન.કુલપતિશ્રીનાં આદેશાનુસાર 'સર્ટિફિકેટ કોર્ષ ઇન ડાયાલિસીસ ટેકનીક (*CCDT*)ની સત્રદીઠ ફીના ધોરણો શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી રૂ.૧૦,૦૦૦/- (રૂપિયા દશ હજાર) સત્ર ફીની જાણ કરવામાં આવેલ હતી.તે પરિપત્ર આથી રદ કરવામાં આવે છે અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે અગાઉ નિયત થયેલ જુની ફીના ધોરણો મુજબની ફી વસુલવાની જોગવાઈ યથાવત અમલમાં રહેશે. જેની સર્વે સંબંધિતોએ નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતની નોંધ લેવામાં આવી.**

**(નોંધ: ઉપરોક્ત પરિપત્ર પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૦ મહેકમ-બ

ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના તા.૩૦/૧૦/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:વલભ-૧૦૨૦૧૮-જીઓઆઈ-૫-ચ થી રાજ્ય સરકારે સરકારી છઠ્ઠા પગાર પંચ મુજ્બ પગાર મેળવતા કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થામાં છઠ્ઠા પગાર પંચની મોંઘવારી ભથ્થાની ચુકવણી અંગે નીચે દર્શાવેલ તારીખથી અને તેની સામે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થાની રકમ ચુકવ્યા અંગેની જાણ થવા બાબત.

નોંધ :

| ૧. | **ચૂકવવાપાત્ર તારીખ** | **ચૂકવવાપાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર** |
|---|---|---|
| | તા.૦૧-૦૭-૨૦૧૭ થી | ૧૩૯% |
| | તા.૦૧-૦૧-૨૦૧૮ થી | ૧૪૨% |

૨. ઠરાવમાં દર્શાવેલ જોગવાઈ લાગુ પાડવામાં આવેલ છે.

૩. **સિન્ડીકેટની તા.૧૫/૦૭/૨૦૧૬ ની સભાના ઠરાવ નં.૯ નીચે મુજબ છે.**

"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સરકારશ્રી દ્વારા વખતો વખત જે મોંઘવારી ભથ્થાનો ઠરાવ થાય તે સ્વીકારવા માનનીય કુલપતિશ્રીને સતા આપવી."

૪. **સિન્ડીકેટની તા.૨૪/૦૩/૧૯૭૮ની સભામાં (ઠરાવ નં.૧,પેટા-૧૭) નીચે મુજબ છે.**

"સરકારશ્રી તરફથી જયારે જયારે મોંઘવારી ભથ્થાના દરમાં વધારો કરવાનો ઠરાવ યુનિવર્સીટીમાં આવે કે તુરત જ તેનો અમલ કરવો અને સિન્ડીકેટની જાણ માટે મુકવું."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતની નોંધ લેવામાં આવી.**

૨૧ મહેકમ-બ ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:બનશ-૧૦૨૦૧૩/જીઓઆઈ/૧૦/ચ, તા.૦૩/૧૧/૨૦૧૮ના ઠરાવ અનુસાર યુનિવર્સીટીમાં રૂ.૧૫૭૦૦-૫૦૦૦૦,આઈએસ-૧, આઈએસ-૨ અને આઈએસ-૩ ના પગાર ધોરણમાં સેવા બજાવતા વર્ગ-૪ના કર્મચારીઓને સને ૨૦૧૭-૨૦૧૮ ના હિસાબી વર્ષ માટે ૩૦ (ત્રીસ) દિવસનું બોનસ ચુકવ્યા અંગેની નોંધ લેવા બાબત.

નોંધ : ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:બનશ-૧૦૨૦૧૩/જીઓઆઈ/૧૦/ચ, તા.૦૩/૧૧/૨૦૧૮ના ઠરાવ અનુસાર યુનિવર્સીટીમાં રૂ.૧૫૭૦૦-૫૦૦૦૦, આઈએસ-૧, આઈએસ-૨ અને આઈએસ-૩ ના પગાર ધોરણમાં સેવા બજાવતા વર્ગ-૪ના કર્મચારીઓને સને ૨૦૧૭-૨૦૧૮ ના હિસાબી વર્ષ માટે ૩૦ (ત્રીસ) દિવસનું બોનસ ચૂકવવા ઠરાવ થયેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતની નોંધ લેવામાં આવી.**

૨૨ મહેકમ-અ શૈક્ષણિક કર્મચારીઓની નિવૃત્તિ બાદ પે માઈન્સ પેન્શનનાં સિદ્ધાંત મુજબ કરાર આધારિત નિમણુંક કરવા અંગેના રાજ્ય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં તા.૦૩/૦૬/૨૦૦૮ નો ઠરાવ તથા યુજીસીની તા.૧૬/૦૨/૨૦૦૮ ની ગાઇડલાઇન્સ પરત્વે નીતિ નિયત કરવા અંગે વિચારણા થવા બાબત.

નોંધ : રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૦૩/૦૬/૦૮ના ઠરાવ અનુસાર તથા યુ.જી.સી ની તા.૧૬/૦૨/૨૦૦૮ ની ગાઈડલાઇન્સ મુજબ.

૧. આ યોજના ઓછામાં ઓછી એક વર્ષથી ખાલી પડેલ જગ્યાઓ પરજ લાગુ પડશે.

૨. ખાલી રહેલી આ જગ્યાઓની માત્ર ૫૦ %જગ્યાઓ આ યોજના હેઠળ ભરી શકાશે. યુનિવર્સિટી ભવનોમાં હાલમાં  પ્રોફેસરની ખાલી જગ્યા ૧૪ છે. તેની સામે હાલમાં કોઈ નિવૃત આધ્યાપક પુનઃ નિયુક્તીથી  ફરજ બજાવતા નથી.

૩. નિવૃત પછી પુનઃ નિયુક્તી પામનાર અધ્યાપકોને ૬૫ વર્ષની ઉમર અથવા નિમણુક આપ્યાને ત્રણ વર્ષ થાય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી નિમણુક આપી શકાશે.

૪. પુનઃ નિયુક્તી પામનાર અધ્યાપક લાસ્ટ પે માઈન્સ પેન્શનના સિધ્ધાંત ઉપર ફિક્સ પગાર ઉપર કામ કરી શકાશે. એટલે કે નિવૃત વખતે છેલ્લે ચૂકવેલ પગાર માંથી મૂળ પેન્શન બાદ કરી ફિક્સ પગાર ચુકવવાનો રહે છે.

૫. કરારના આધારે નિમણુક પામનાર અધ્યાપકની કામગીરીનું સતત મુલ્યાંકન કરવામાં આવશે તથા જરૂરી જણાયે તેઓને એક માસની નોટીસ આપી છુટ્ટા કરી શકાશે.

રાજ્યની  યુનિવર્સિટી કક્ષાએ નિવૃત બાદની શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટે નીચે મુજબની સમિતિ રાખવાની રહે છે.

| | |
|---|---|
| ૧. કુલપતિશ્રી-અધ્યક્ષ | ૩. ફેકલ્ટી ડીન |
| ૨. બે વિષય નિષ્ણાત | ૪. હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ |

પુનઃ નિયુક્તીની અરજી ઉપર્યુક્ત સમિતિ દ્વારા ચકાસવવાની રહે છે તથા સમિતિની ભલામણ સિન્ડીકેટ સમક્ષ મુકવાની રહે છે તથા સિન્ડીકેટની મંજુરી બાદ પે માઈનસ–પેન્શન ના સિધ્ધાંત મુજબ પુનઃ નિયુક્તી આપી શકાય છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક કર્મચારીઓની નિવૃત્તિ બાદ પે માઈન્સ પેન્શનનાં સિદ્ધાંત મુજબ કરાર આધારિત નિમણુંક કરવા અંગેના રાજ્ય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં તા.૦૩/૦૬/૨૦૦૮ નો ઠરાવ તથા યુજીસીની તા.૧૬/૦૨/૨૦૦૮ ની ગાઇડલાઇન્સનો સ્વીકાર કરવો.**

**(નોંધ : રાજ્ય સરકારશ્રીનો તા.૦૩/૦૬/૨૦૦૮ નો ઠરાવ તથા યુ.જી.સી ન્યુ દિલ્હીની તા.૧૬/૦૨/૨૦૦૮ ની ગાઈડલાઈન્સ પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૩ બાયોસાયન્સ અનુસ્નાતક ભવનનાં પ્રોફેસર ડૉ.એસ વી.ચંદાને નિવૃત્તિ બાદ પુનઃ નિયુક્તિ આપવા
મહેકમ-અ બાબત વિચારણા થવા અંગે.

નોંધ : બાયોસાયન્સ અનુસ્નાતક ભવનમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવી તા.૩૧/૧૦/૨૦૧૮ નાં રોજ સત્રાંતે નિવૃત્ત થયેલ ડૉ. એસ વી.ચંદાએ તેમનાં તા.૦૪/૧૦/૨૦૧૮ નાં પત્રથી રાજ્ય સરકારશ્રીનાં ઠરાવ તથા યુજીસી ગાઈડ લાઈન્સ મુજબ તેમને પે માઈનસ પેન્શનનાં સિદ્ધાંત મુજબ પુનઃ નિયુક્ત કરવા વિનંતી કરેલ છે.

રાજ્ય સરકારશ્રીનાં તા.૦૩/૦૬/૨૦૦૮ નાં ઠરાવ તથા યુજીસીની તા.૧૬/૦૨/૨૦૦૮ ની ગાઈડલાઈન્સ પરત્વે નીતિ નિયત કરવા અંગેની બાબત સિન્ડીકેટ સમક્ષ વિચારણા અર્થે મુકવામાં આવેલ છે. જે સંદર્ભમાં ઠરાવ થયે ડૉ.ચંદાને પુનઃ નિયુક્તિ અંગે વિચારવાનું રહે.

**આથી ઠરાવવામાં આવે છે કે, બાયોસાયન્સ અનુસ્નાતક ભવનનાં પ્રોફેસર ડૉ.એસ વી.ચંદાને નિવૃત્તિ બાદ ૧૧ માસ માટે પે માઈનસ પેન્શનથી નિયુક્તિ આપવી.**

૨૪ યુનિવર્સિટીનાં જુદા-જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે / સેલ્ફ ફાયનાન્સ
મહેકમ-અ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અનુસ્નાતક ભવનનું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧. | બાયોસાયન્સ ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | તા.૨૭/૧૦/૨૦૧૮ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨. | રસાયણશાસ્ત્ર ભવન | સેલ્ફ ફાયનાન્સ | ૦૨ | તા.૨૦/૦૯/૨૦૧૮ | સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં કોન્ટ્રાક્ટચ્યુઅલ ધોરણે |
| ૩. | હોમસાયન્સ ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | તા.૨૬/૧૦/૨૦૧૮ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૪. | ગણિતશાસ્ત્ર ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | તા.૦૨/૧૧/૨૦૧૮ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદા-જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે / સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે ઉપર દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ સ્વીકારવી.**

**બાયોસાયન્સ ભવન : (૧) સ્વેતાબેન પાઠક અને (૨) જ્યોતિબેન જીજ્ઞાસી**

**રસાયણશાસ્ત્ર ભવન : (૧) હાર્દિકભાઈ એ. શેઠ અને (૨) પરીત્રીબેન પી. ઉપાધ્યાય**

**હોમસાયન્સ ભવન : (૧) ગીતાબેન રાઠોડ**
**ગણિતશાસ્ત્ર ભવન : (૧) સંકેતભાઈ બદીયાણી**

**(નોંધ : વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)**

૨૫ તા.૨૨/૧૧/૨૦૧૮ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર
હિસાબ કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, ફાઈનાન્સ સમિતિની તા.૨૨/૧૧/૨૦૧૮ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આગામી વર્ષથી ગોલ્ડ મેડલ એકસરખા અને સારી ગુણવત્તાવાળા આપવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓ ગોલ્ડ મેડલ મેળવે તેઓને આ યુનિવર્સિટીમાં વૈધાનિક સંસ્થા અંતર્ગત ન આવતાં હોય તેવા આગળનાં અભ્યાસક્રમમાં યુનિવર્સિટી ભવનમાં મેરીટનાં ધોરણે પ્રવેશ મેળવે તેઓને શિક્ષણ ફી અને હોસ્ટેલ ફીમાંથી મુક્તિ આપવી.**

**(નોંધ: ફાઈનાન્સ કમિટિની તા.૨૨/૧૧/૨૦૧૮નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૯" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૬ તા.૨૪/૧૧/૨૦૧૮નાં રોજ મળેલ બોર્ડ ઓફ સ્પોર્ટસ અને પી.ટી.આઈ.ની સંયુક્ત સભાની
શા.શી. ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે તા.૨૪/૧૧/૨૦૧૮નાં રોજ મળેલ બોર્ડ ઓફ સ્પોર્ટસ અને પી.ટી.આઈ.ની સંયુક્ત સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ: બોર્ડ ઓફ સ્પોર્ટસ અને પી.ટી.આઈ.ની તા.૨૪/૧૧/૨૦૧૮નાં રોજ મળેલ સંયુક્ત સભાની ભલામણો પરિશિષ્ટ "૧૦" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૭ ટ્રસ્ટીશ્રી, લેટ શ્રી સી. સી. ગોસ્વામી સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ રાજકોટ સંચાલિત- જય
જોડાણ સોમનાથ ઇન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ એજ્યુકેશન રાજકોટએ બી.એસસી. નર્સિંગની વર્ષ: ૨૦૧૮-૧૯ માટેની નવા જોડાણની અરજી પરત્વેના સ્થાનિક તપાસ સમીતીના અહેવાલને ધ્યાને લઈ તથા કાઉન્સિલ દ્વારા મુકેલ શરતો અને યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ શરતોનું પરિપાલન કરવાની શરતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી –ઓર્ડીનન્સ ૧૮૪ અન્વયે માન. કુલપતિશ્રી તરીકે મળેલ સત્તા મુજબ એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ તબીબી વિદ્યાશાખાનાં બી.એસસી.

નર્સિંગના નવા અભ્યાસક્રમનું એક વર્ષનું નવું જોડાણ તા.૧૫/૦૬/૨૦૧૮ થી તા.૧૪/૦૬/૨૦૧૯ સુધી આપવા તેમજ સૈદ્ધાતિક પૂર્વ મંજુરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવામાં આવેલ છે તેમજ સંસ્થા/કોલેજને જોડાણ અંગેનું પ્રમાણપત્ર આપ્યાના કાર્યની નોંધ લેવા બાબત.

**જોડાણની વિગત :**

તબીબી વિદ્યાશાખા : (નવું જોડાણ)

પ્રથમ વર્ષ બી.એસ.સી નર્સિંગના અભ્યાસક્રમ

નોંધ : ૧. કોલેજની નવા જોડાણની અરજી પર તા.૨૩/૧૨/૨૦૧૭ નાં રોજ નિયુક્ત કરવામાં આવેલ જેનો અહેવાલ અત્રે તા.૦૧/૦૨/૨૦૧૮ના રોજ મળેલ છે.

૨. સંસ્થાને હેલ્થ એન્ડ ફમિલી વેલ્ફેર વિભાગ દ્વારા તા.૨૫/૧૦/૨૦૧૭ થી એસેન્સિયાલીટી સર્ટીફીકેટ આપવામાં આવેલ છે.

૩. સંસ્થાને જી.એન.સી. દ્વારા તા.૦૫/૧૧/૨૦૧૮ નાં પત્રથી વર્ષ: ૨૦૧૮-૧૯ માટે ૫૦ સીટની બી.એસસી. નર્સિંગનાં અભ્યાસક્રમની મંજુરી આપવામાં આવેલ છે.

૪. એસી/સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ માન.કુલપતિશ્રી દ્વારા આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવાની મંજુરી આપેલ છે તેમજ સંસ્થાને યુનિવર્સિટી દ્વારા કોલેજને જોડાણ/૨/૧૫૦૪/૨૦૧૮ તા.૧૪/૧૧/૨૦૧૮ થી પ્રવેશ પ્રક્રિયા માટે જોડાણ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત વિગતે બી.એસસી. નર્સિંગના નવા અભ્યાસક્રમનું ૦૧ વર્ષના નવા જોડાણની રાજ્ય સરકારશ્રીને ભલામણ કર્યાના માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નર્સિંગ કાઉન્સિલના નિયમ મુજબની પેરેન્ટલ હોસ્પિટલ છે તેનો આધાર LIC અહેવાલમાં છે કે નહિ તે ચકાસવું અને ન હોય તો LICનાંસભ્યો પાસે મંગાવવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નવી નર્સિંગ કોલેજની સ્ટાફ પ્રોફાઈલ કુલસચિવ પાસે વેરીફાઈ કરાવવી.**

**(નોંધ : સિન્ડિકેટમાં થયેલી ચર્ચા અનુસાર નર્સિંગ કાઉન્સિલના નિયમાનુસાર પેરેન્ટલ હોસ્પિટલ એટલે કે કોલેજનાં ટ્રસ્ટ અને હોસ્પિટલનાં ટ્રસ્ટમાં ઓછામાં ઓછા એક સભ્ય કોમન બંને ટ્રસ્ટમાં હોવા જોઈએ.)**

૨૮ જોડાણ ટ્રસ્ટીશ્રી, લેટ શ્રી સી. સી. ગોસ્વામી સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ રાજકોટ સંચાલિત- જય સોમનાથ ઇન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ એજ્યુકેશન રાજકોટ દ્વારા તા.૦૬/૧૧/૨૦૧૮ના પત્રથી પોસ્ટ બેઝીક બી.એસસી નર્સિંગના અભ્યાસક્રમની જી.એન.સી. ની મંજૂરીને આધીન પ્રમાણપત્ર આપવા અત્રે રજૂઆત કરેલ છે. જે અન્વયે યુનિવર્સિટીની જોગવાઈઓને આધીન સિન્ડિકેટ તા.૦૫/૦૨/૨૦૧૪ની સભાનાં ઠરાવ-૨ થી કમીટીનો અહેવાલ સિન્ડિકેટે સ્વીકારેલ છે. જેનો સંદર્ભ ભાગ પી.જી. અભ્યાસક્રમો અંગે સ્નાતક અથવા અનુસ્નાતક કોલેજ ઈચ્છતી હોય તેવા કોઈ પણ એક અભ્યાસક્રમનું જોડાણ આ વર્ષે આપવું (યુ.જી./પી.જી. પૈકી મહતમ એક અભ્યાસક્રમનું નવું જોડાણ આપી શકશે તેવું ઠરાવેલ છે જે અન્વયે,

-એક વર્ષમાં બે અભ્યાસક્રમની ભલામણ કરી શકાય નહિ તેવી જોગવાઈ છે.
-બી.એસસી નર્સિંગનાં અભ્યાસક્રમની ભલામણ વર્ષ-૨૦૧૮-૧૯ માટે થયેલ છે.
-પી.બી. નર્સિંગ અભ્યાસક્રમની વર્ષ-૨૦૧૮-૧૯ માટે ભલામણ થઈ શકે નહિ.

ઉકત બાબત ધ્યાને લઈ સંસ્થાને સંલગ્નમાં પી.બી. નર્સિંગની અરજી યુનિવર્સિટી દ્વારા સ્વીકારવામાં આવેલ નથી. જે અંગે નિર્ણય અર્થે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે સંસ્થા દ્વારા રજૂઆત કરવામાં આવેલ જેની નોંધ લેવામાં આવી.**

૨૯ જોડાણ આચાર્યશ્રી, શ્રી રાજુબાબેન દાદભાઈ કહોર ચેરી. ટ્રસ્ટ સંચાલિત- શ્રી એમ.ડી.કહોર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મું.વડીયા, જી. અમરેલી દ્વારા કોલેજ શરૂ કરવા નામ. ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં.૨૬૪૦/૨૦૧૨ થી પીટીશન કરવામાં આવેલ હતી જેના આખરી ચુકાદા અનુસાર નવા શૈક્ષણિક સત્રથી સંસ્થા દ્વારા કોલેજ શરૂ કરવા અરજી કરે તો યુનિવર્સિટી દ્વારા ગુણવતા ચકાસી કાર્યવાહી કરવા જણાવેલ છે. જે અન્વયે નવી કોલેજની વર્ષ:૨૦૧૮-૧૯ની અરજી કરેલ છે. જે અરજી પર સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોશ્રીની નિયુક્તિ કરવામાં આવેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલમાં આઈટમ વિચારણામાં મુકવામાં આવેલ, હાલમાં એકેડેમિક કાઉન્સિલ મળનાર ન હોય તા.૧૬/૧૧/૨૦૧૮ ની નોંધ પર મળેલ આદેશ અનુસાર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સિન્ડિકેટ દ્વારા સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત:**
વિનયન વિદ્યાશાખા:- (નવું જોડાણ)
બી.એ.(મુખ્ય/ગૌણ)
સમાજશાસ્ત્ર, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, ગુજરાતી
વાણિજ્ય વિદ્યાશાખા ::- (નવું જોડાણ)
બી.કોમ.(વૈ.) એકાઉન્ટ એન્ડ ફાયનાન્સ

નોંધ::- ૧. વડીયાના શ્રી રાજુબાબેન દાદભાઈ કહોર ચેરી. ટ્રસ્ટ સંચાલિત- શ્રી એમ.ડી.કહોર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મું.વડીયા, જી. અમરેલી વી ગુજરાત સરકાર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને અન્યના નામ ગુજરાત હાઈકોર્ટ માં સ્પે.સી.એ.નં.૨૬૪૦/૨૦૧૨નં કેસનો આવેલ આખરી આદેશ અન્વયે ઉક્ત કોલેજની બે સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ તા.૨૪/૦૪/૨૦૧૮નાં રોજ નિમાયેલ.

૨. સ્થાનિક તપાસ સમિતિનાં એક સભ્યશ્રી નો તા.૧૮/૦૫/૨૦૧૮નો અહેવાલ તા.૨૧/૦૫/૨૦૧૮ના રોજ અત્રે મળેલ છે. નવું જોડાણ આપવા ભલામણ કરેલ છે.

૩. ટ્રસ્ટીની માલિકીની ૫ એકર જમીન ટ્રસ્ટ ધરાવે છે અને ટ્રસ્ટે જમીન એન.એ. કરવા અરજી કરેલ છે.

૪. ૫ એકર જમીન અંગે ટ્રસ્ટીએ ૩૦ વર્ષના ભાડા કરાર અન્વયે સોગંદનામું કરી આપેલ છે.

૫. વિદ્યાર્થી દીઠ બાંધકામ ૧૫ ચો.ફુટ દર્શાવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે નવી કોલેજ માટેની સ્થાનિક તપાસ સમિતિના માત્ર એક જ સભ્યશ્રી દ્વારા અહેવાલ આપવામાં આવેલ હોઈ વધુ ચોકસાઈ પૂર્વક નિર્ણય થઈ શકે તે માટે નિયમાનુસાર નીચે મુજબનાં સભ્યશ્રીઓની સ્થાનિક તપાસ સમિતિ નિયુક્ત કરવામાં આવે છે.**

**૧. ડૉ. મેહુલભાઈ રૂપાણી** **૨. ડૉ. વિજયભાઈ દેસાણી**
**૩. પ્રિ. રંજનાબેન અગ્રવાલ** **૪. યુનિવર્સિટી ઈજનેરશ્રી**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સમયમર્યાદામાં નિર્ણય થઈ શકે તે માટે સ્થાનિક તપાસ સમિતિ દ્વારા ત્વરીત તપાસ કરી અહેવાલ રજૂ કરવો.**

**(નોંધ:: ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૧૧" તરીકે સામેલ છે.)**

૩૦ એકેડેમિક — એન.સી.ટી.ઈ.ન્યુ દિલ્હી તરફથી ચાર વર્ષના ઇન્ટીગ્રેટેડ પ્રોગ્રામ માટે મળેલ પત્રાંક *F.No. NCTE/-Acad0281/-Academic Section - HQ Dt. 20.11.2018* પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ:-

(૧) ઉપરોક્ત પ્રોગ્રામ એન.સી.ટી.ઈ.એ બસો જેટલાં નિષ્ણાતોની સેવા લઈને તૈયાર કરેલ છે અને ઉક્ત પત્ર સાથે તેના સ્ટાન્ડર્ડ અને નોમ્સ તથા અભ્યાસક્રમ પણ રજુ કરેલ છે. સદરહુ

પ્રોગ્રામ અંગેનું ગેઝેટ નોટીફીકેશન હવે પછી પ્રસિધ્ધ થશે પરંતુ એન.સી.ટી.ઈ.એ સંદર્ભે તેનું નોટીફીકેશન તા.૨૦.૧૧.૨૦૧૮ન રોજ પ્રસિદ્ધિ અર્થે સરકારશ્રીને પાઠવેલ છે.

(૨) ઉપરોક્ત પ્રોગ્રામ બે પ્રકારનો છે. જે ટીચર્સ એજ્યુકેશન પ્રોગ્રામ ચાર વર્ષની સમયઅવધિ એમ દર્શાવેલ છે.જેમાં *ITEP Primary (including Pre-Primary) and ITEP Secondary* એમ બે પ્રોગ્રામ છે.સદરહુ પ્રોગ્રામ માટે એન.સી.ટી.ઈ.માં નોંધણી કરાવાની તા. ૩ ડિસેમ્બર થી તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ નિયત થયેલ છે.

(૩) નોંધણી પૂર્વે એન.સી.ટી.ઈ.એ નિયત કરેલ સમયમર્યાદામાં જે તે કમ્પોઝીટ સંસ્થા આવા પ્રોગ્રામ માટે નોંધણી કરી શકે છે. કમ્પોઝીટ સંસ્થાની વ્યાખ્યા નીચે મુજબ છે.

*1.2 The programme shall be offered in the institutions which are composite institutions as defined in Clause (b) regulations 2 of the National Council for Teacher Education (Recognition, Norms and Procedures) Regulation, 2014 (hereafter refeafter to as the prinicipal regulation in this Appendix), on the date of making an application for this programme.*

(૪) ઉપરોક્ત પ્રોગ્રામ માટેના એડમીશન ક્રાઈટેરીયા મુજબ જે અરજદારે હાયર સેકન્ડરી અથવા ૧૦+૨ પરીક્ષા ૫૦ ટકા ગુણ સાથે પાસ કરેલ હોય તેવા ઉમેદવાર અરજી કરી શકે છે.
(૫) ઉપરોક્ત ચાર વર્ષ (આઠ સેમેસ્ટર)નો અભ્યાસ કરી સફળ થયેલ ઉમેદવારને બી.એ. અથવા બી.એસસી. કે જે વિદ્વાર્થીએ પસંદ કરેલ હોય તે મુજબની વિધાશાખાની પદવી એનાયત થઈ શકે છે. હાલ માત્ર બે વિધાશાખાનો ઉલ્લેખ એન.સી.ટી.ઈ.એ કરેલ છે

**આથી ઠરાવવામાં આવે છે કે એન.સી.ટી.ઈ.ન્યુ દિલ્હી તરફથી ચાર વર્ષના ઇન્ટીગ્રેટેડ પ્રોગ્રામ માટે મળેલ પત્રાંક F.No. NCTE/-Acad0281/-Academic Section - HQ Dt. 20.11.2018ની નોંધ લેવામાં આવી અને તે માટે અભ્યાસક્રમ તૈયાર કરી આગળની કાર્યવાહી કરવા સંબંધિત સત્તામંડળને જાણ કરવી.**

૩૧ મહેકમ-બ (૧) આ યુનિવર્સિટીના ગ્રંથાલયમાંથી નિવૃત્ત થયેલ કર્મચારી શ્રીમતિ નલિનીબેન એચ. પંડ્યાને હક્ક રજાના રોકડમાં રૂપાંતરની તફાવતની રકમ રૂા.૧,૦૮,૨૫૪/- (અંકે રૂા. એક લાખ આંઠ હજાર બસો ચોપન પુરાં) યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી જ ચૂકવવા બાબતે અને તે અંગે રાજ્ય સરકાર દ્વારા કોઇ વધારાનું અનુદાન આપવામાં આવશે નહીં. તેવી જાણ કરતાં અધિક કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી તરફથી આવેલ પત્ર

(૧) તા.૧૧/૧૦/૨૦૧૮ના પત્ર નં. **OW/ISC-7**/૨૦૧૮/૨૮૩૫૮

(૨) તા.૧૩/૧૧/૨૦૧૮ના પત્ર નં. **OW/ISC-7**/૨૦૧૮/૩૧૫૯૬-૯૭

ઉપર વિચારણા કરવા બાબત.

તથા

(૨) આ યુનિવર્સિટીના ગ્રંથાલયમાંથી નિવૃત્ત થયેલ કર્મચારી કુ. મીનાક્ષીબેનને ખોટી રીતે અપાયેલ બઢતી માટે સંબંધિતની જવાબદારી નક્કી કરી શિક્ષાત્મક પગલાં લેવા બાબતે ઉપર દર્શાવેલ પત્રોમાં જણાવવામાં આવેલ છે.

નોંધઃ- (૧) યુનિવર્સિટીના કર્મચારી કુ.મીનાક્ષી જી.બુચ/શ્રીમતિ નલીનીબેન એચ. પંડ્યાના પ્રમોશન અંગેના વિવાદ બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૧૯/૦૭/૨૦૧૬ના ચુકાદામાં નીચે પ્રમાણે આદેશ કરેલ છે.

"11. In the result, this writ application is disposed of with a direction that the authority concerned shall finalize the pension of the respondent No.4 and also the other retiral dues if not paid in accordance with the regulations. It is clarified that the pension shall be fixed on the basis of the salary which she would have otherwise drawn if she would have been promoted on the post, as directed by the Tribunal. All other benefits shall also be calculated accordingly. Let this entire exercise be completed within a period of four weeks from the date of receipt of this order. Direct service is permitted."

(૨) નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉપર્યુક્ત ચુકાદાના સંદર્ભે આ કાર્યાલયના તા.૨૩/૦૯/ ૨૦૧૬ના પત્ર નં.મહેકમ/બ/૨/૫૩૦/૨૦૧૬ થી મંજૂરી આપવા સંયુક્ત કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી / શિક્ષણ વિભાગ, ગાંધીનગરને દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબતે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૬/૦૭/૨૦૧૭ના હુકમ ક્રમાંકઃ સરય/૧૨૧૭/ *CHE*/૬૩/ખ-૨ થી જે હુકમ કરવામાં આવેલ છે તેનો સંદર્ભ ભાગ નીચે પ્રમાણે છે.

હુકમ :-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે આસિસ્ટન્ટ (લાયબ્રેરી) તરીકે ફરજ બજાવતા શ્રીમતી નલીનીબેન એચ.પંડ્યાને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ એસ.સી.એ.નં.૨૫૫૨ના તા.૧૯/૦૭/૨૦૧૬ના ચુકાદા મુજબ શ્રીમતી નલીનીબેન પંડ્યાને તા.૨૬/૦૪/૧૯૯૪થી પ્રમોશન ગણી નોશનલ પગાર બાંધણી કરવાની મંજૂરી નીચેની શરતે આથી મંજુર કરવામાં આવે છે.

"(૧) શ્રીમતી પંડ્યાને નામ.હાઇકોર્ટના તા.૧૯/૦૭/૨૦૧૬ના ચુકાદા મુજબ નોશનલ પગારબાંધણી બાદ નિવૃત્તિ તારીખ સુધી ચૂકવવાપાત્ર થતા પગારને આધારે યુનિવર્સિટી દ્વારા ચૂકવવાપાત્ર લાભોની ચુકવણીની રકમ પોતાના સ્વભંડોળમાંથી ચુકવવાની રહેશે. તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ વધારાનું અનુદાન આપવામાં આવશે નહિ."

(૩) શ્રીમતી નલીનીબેન એચ.પંડ્યાની નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો ધ્યાને લઇ પગાર બાંધણી **<u>નોશનલ</u>** કરવામાં આવેલ છે અને તે મુજબ પગાર ચકાસણી એકમ ગાંધીનગર દ્વારા પગાર બાંધણી માન્ય કરવામાં આવેલ છે અને તેમનું તે પગાર મુજબ સરકારશ્રી દ્વારા પેન્શન મંજુર કરવામાં આવેલ છે.

(૪) શ્રીમતી નલીનીબેન એચ.પંડ્યાની નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો ધ્યાને લઇ પગાર બાંધણી **<u>નોશનલ</u>** કરવામાં આવેલ છે અને તે મુજબ પગાર ચકાસણી એકમ ગાંધીનગર દ્વારા પગાર બાંધણી માન્ય કરવામાં આવેલ છે અને તેમનું તે પગાર મુજબ સરકારશ્રી દ્વારા પેન્શન મંજુર કરવામાં આવેલ છે.

આ તફાવતની રકમ રૂ.૧,૦૮,૨૫૪/-ની થાય છે. આ રકમનું ચુકવણું યુનિવર્સિટીના સ્વ.ભંડોળ માંથી કરવું કે કેમ તે બાબતે તા.૨૫/૦૬/૨૦૧૮ ના રોજ મળેલ સિન્ડિકેટની સભામા નીચે પ્રમાણે ઠરાવ થયેલ છે.

**<u>ઠરાવ નં.૪</u>** આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને હક્કરજાનું રોકડમાં રૂપાંતર કરી જે રકમ રાજ્ય સરકારશ્રી ચુકવે છે એવી જ રીતે શ્રીમતી નલીનીબેન એચ. પંડ્યાને પણ હક્કરજાના રોકડ રૂપાંતરની તફાવતની રકમ રૂ.૧,૦૮,૨૫૪/- રાજ્ય સરકારશ્રીએ ચૂકવવી જોઈએ અને તે માટે માન.રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવી.

(૫) સિન્ડીકેટના ઉપર્યુક્ત ઠરાવના સંદર્ભે આ કાર્યાલયના તા.૧૬/૦૮/૨૦૧૮ના પત્ર નં. મહેકમ/બ/૨/૪૧૪/૨૦૧૮ થી ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરને દરખાસ્ત કરવામાં આવેલ હતી કે, શ્રીમતિ નલિનીબેન પંડ્યાને હક્ક રજાના રોકડ રૂપાંતરની તફાવતની રકમ રૂા.૧,૦૮,૨૫૪/- (અંકે રૂા. એક લાખ આંઠ હજાર બસો ચોપન પુરાં) ગ્રાંટના હેતુ માટે ગણવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

(૬) ઉપર્યુક્ત દરખાસ્ત ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા ઉપર દર્શાવેલ પત્રોથી સ્વીકારવામાં આવેલ નથી. અને જણાવવામાં આવેલ છે કે, આ રકમની ચૂકવણી યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી ચૂકવવાની રહેશે. અને તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ વધારાનું અનુદાન આપવામાં આવશે નહીં.

(૭) કુ. એમ. જી. બૂચને (૧) ગ્રંથાલયમાં ટેકનીકલ આસીસ્ટન્ટ તરીકે તત્કાલીન કુલસચિવશ્રી જે. એમ. ઉદાણીની સહીથી બઢતીનો કાર્યાલય આદેશ થયેલ હતો. (૨) તત્કાલીન કુલસચિવશ્રી આર. ડી. આરદેશણાની ભલામણ મુજબ તત્કાલીન માન. કુલપતિશ્રીએ બઢતીની મુદ્દત લંબાવવાના આદેશ આપેલ હતા.

આ કાર્યાલયના તા.૦૬/૧૦/૨૦૧૭ના પત્ર નં. મહેકમ/બ/૨/૫૪૬/૨૦૧૭થી ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરને જાણ કરવામાં આવેલ હતી કે, ઉપર્યુક્ત કુલસચિવશ્રીઓ અનુક્રમે તા.૩૦/૦૬/૧૯૯૪ અને તા.૩૧/૦૩/૧૯૯૬ ના રોજ યુનિવર્સિટીની સેવામાંથી નિવૃત્ત કરવામાં આવેલ છે. આ અંગેના કાર્યાલય આદેશોની નકલો પણ ઉક્ત કચેરીને મોકલી આપવામાં આવેલ છે.

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના ઉપર્યુક્ત બંને પત્રોમાં જણાવવામાં આવેલ છે કે, કુ. મીનાક્ષીબેન બૂચને ખોટી રીતે અપાયેલ બઢતી માટે સંબંધિતની જવાબદારી નક્કી કરી શિક્ષાત્મક પગલાં લેવાના રહેશે.

**આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના ગ્રંથાલયમાંથી નિવૃત્ત થયેલ કર્મચારી શ્રીમતિ નલિનીબેન એચ. પંડ્યાને હક્ક રજાના રોકડમાં રૂપાંતરની તફાવતની રકમ રૂ.૧,૦૮,૨૫૪/- (અંકે રૂપિયા એક લાખ આઠ હજાર બસો ચોપન પુરાં) યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી ચૂકવવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના ગ્રંથાલયમાંથી નિવૃત્ત થયેલ કર્મચારી કુ. મીનાક્ષીબેનને ખોટી રીતે અપાયેલ બઢતી માટે સંબંધિતની જવાબદારી નક્કી કરી શિક્ષાત્મક પગલાં લેવા માટે વિગતો સહ આગામી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવું.**

**(નોંધ: ઉપરોક્ત બાબત પરિશિષ્ટ "૧૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૩૨ હિસાબ — તા.૨૮/૦૯/૨૦૧૮ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, ફાઈનાન્સ સમિતિની તા.૨૮/૦૯/૨૦૧૮ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ: ફાઈનાન્સ કમિટિની તા.૨૮/૦૯/૨૦૧૮નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૧૩" તરીકે આ સાથે સામેલ છે.)**

**** પ્રમુખ સ્થાનેથી ****

૩૩ એકેડેમિક — ડૉ. ધરમભાઈ કાંબલીયા તરફથી અનુસ્નાતક પરીક્ષાઓમાં ૫૫% થી ઓછા ગુણ મળેલ હોય તેવા વિદ્યાર્થીઓને પુનઃ ટકાવારીની સુધારણા માટે પરીક્ષા તક આપવા અંગે ઓ.૧૭૯(બી) ના હાલ માત્ર વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાના અનુસ્નાતકો માટે જોગાવાઇ થયેલ છે તેમાં અન્ય નોન-સ્ટેચ્યુટરી વિદ્યાશાખાઓનો સમાવેશ કરવા માટે મળેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ:- ઉપરોક્ત પુનઃ તક આપવા સંદર્ભે એકેડેમિક કાઉન્સિલ તેની તા.૧૬/૧૨/૨૦૧૩ ની સભાના ઠરાવ ક્રમાંક '૮' થી નીચે મુજબનો ઠરાવ કરેલ છે.

| | |
|---|---|
| ૧. ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા | ૫. ડૉ. વિજય કે. પટેલ |
| ૨. ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા | ૬. ડૉ. મેહુલભાઈ રૂપાણી |
| ૩. ડીનશ્રી, પર્ફોમિંગ આર્ટસ વિદ્યાશાખા | ૭. શ્રી નેહલભાઈ શુકલ |
| ૪. ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા | ૮. ડૉ. ધરમભાઈ કાંબલીયા |

"આથી ઠરાવવામાં આવે છે કે, મૂળ પ્રયત્ને સ્નાતક/અનુસ્નાતક પદવી પરીક્ષામાં ૫૫%થી ઓછા ગુણ પ્રાપ્ત થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને પુનઃ તક આપવા માટેની બાબતનો અભ્યાસ કરવા નીચે મુજબના સભ્યશ્રીઓની બનેલી સમિતિની નિયુક્તિ કરી તેનો અહેવાલ આગામી એકેડેમિક કાઉન્સિલમાં ઓર્ડી-૧૭૯-બીના મુસદાસાથે વિચારણા માટે રજૂ કરવી.

ઉક્ત સમિતિની સભા તા.૧૬/૦૩/૨૦૧૫ના રોજ મળેલ જેની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ છે.

ઉપરોક્ત સમિતિનો અહેવાલ એકેડેમિક કાઉન્સિલની તા.૩૦/૦૩/૨૦૧૫ની સભાની વિચારણા માટે રજૂ કરતા નીચે મુજબનો ઠરાવ ક્રમાંક '૨૪' મંજૂર થયેલ છે.

"O-179 (B) સુધારવા અંગેનો અંતિમ અહેવાલ બાકી હોય આઈટમ ડ્રોપ કરવામાં આવેલ છે."

**આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક પરીક્ષાઓમાં ૫૫% થી ઓછા ગુણ મળેલ હોય તેવા વિદ્યાર્થીઓને પુનઃ ટકાવારીની સુધારણા માટે પરીક્ષા તક આપવા અંગે ઓ.૧૭૯(બી) ના હાલ માત્ર વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાના અનુસ્નાતકો માટે જોગવાઇ થયેલ છે તેમાં અન્ય રાષ્ટ્રીય વૈધાનિક સંસ્થાઓ અંતર્ગત ન આવતી હોય તેવી વિદ્યાશાખાઓનો સમાવેશ કરવા માટે ઓ.૧૭૯(બી) સુધારવા સેનેટને ભલામણ કરવી.**

૩૪ એકેડેમિક યુનિવર્સિટી વિદ્યાશાખા ઓલ ઈન્ડીયા ઇન્સ્ટીટયુટ ઓફ લોકલ ગવર્મેન્ટ, મુંબઈ ખાતે પી. જી. ડિપ્લોમાં ફુડ સાયન્સ ટેકનોલોજીનો અભ્યાસક્રમ ચાલે છે તે સંદર્ભે ઉપરોક્ત સંસ્થા તરફથી કે. ડિપ્લોમાંનું નામ સ્ટેચ્યુટ-૧૫૮મા નોંધવા અંગે મળેલ પત્રાંક AIILSG/RIT/123 તા.૨૬-૧૧-૨૦૧૮ આ સાથે અવલોકનાર્થે સામેલ છે.

ઉપરોક્ત અભ્યાક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ થી અમલમાં આવેલ છે. પરંતુ સ્ટેચ્યુટ-૧૫૮(૩) ફેકલ્ટી ઓફ સાયન્સમાં તેની નોંધણી થયેલ નથી અને તેથી વિદ્યાર્થીઓને ડિપ્લોમાં

પ્રદાન થઈ શકતો નથી. આ સંદર્ભે ઉપરોક્ત સંસ્થાએ ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખાએ રજૂઆત કરતા ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખાએ ઉક્ત સ્ટેચ્યુટ અંગે સેનેટને ભલામણ કરવા અંગે ટેલીફોનીક ભલામણ કરેલ છે. જેથી આદેશ હોય ઓ ઉપરોક્ત બાબત આગામી સિન્ડિકેટમાં સેનેટને ભલામણ કરવા અર્થે એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ રજૂ કરીએ.

ઉપરોક્ત ડિપ્લોમાનું નામાભિધાન સ્ટેચ્યુટ-૧૫૮(૩) ફેકલ્ટી ઓફ સાયન્સમાં નીચેની વિગતે નોંધવા પાત્ર થશે.

P.G. DILOMA IN FOOD SCIENCE & TECHNOLOGY (P.G.D.F.S.T.)

(NOTE:- The above statute amendment shall come into force from Academie Year 2012-13)

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ડિપ્લોમાનું નામાભિધાન સ્ટેચ્યુટ-૧૫૮(૩) ફેકલ્ટી ઓફ સાયન્સમાં ઉપરની વિગતે નોંધવા એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સેનેટને ભલામણ કરવી.**

૩૫ જોડાણ આચાર્યશ્રી, શ્રી ગોસર હંસરાજ ગોસરાણી કોમર્સ એન્ડ શ્રી ડી.ડી. નાગડા બી.બી.એ કોલેજ – જામનગર તરફથી જુન ૨૦૧૯ થી નીચેની વિગતે નવા જોડાણ માટે આવેલ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ આવેલ છે. કાઉન્સિલ અંતર્ગત નવો અભ્યાસક્રમ હોય તેમજ હાલમાં એકેડેમિક કાઉન્સિલ મળનાર નાં હોય તા.૨૬/૧૧/૨૦૧૮ની નોંધ પર મળેલ આદેશ અનુસાર એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ સિન્ડિકેટ દ્વારા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત:**

કાયદા વિદ્યાશાખા:- (નવું જોડાણ)

પ્રથમ વર્ષ એલ.એલબી ના અભ્યાસક્રમ

નોંધ:- ૧. સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીનો તા.૦૩/૧૧/૨૦૧૮નો અહેવાલ તા.૨૬/૧૧/૨૦૧૮ના રોજ અત્રે મળેલ છે. નવું જોડાણ આપવા સ્પષ્ટ ભલામણ કરેલ છે.

૨. ટ્રસ્ટની માલિકીની ૧૦ એકર જમીન ટ્રસ્ટ ધરાવે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, શ્રી ગોસર હંસરાજ ગોસરાણી કોમર્સ એન્ડ શ્રી ડી.ડી. નાગડા બી.બી.એ કોલેજ–જામનગર તરફથી જુન ૨૦૧૯ થી નીચેની વિગતે નવા જોડાણ માટે આવેલ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલને ધ્યાને લઈ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ યુનિવર્સિટીએ નિયત કરેલ જોડાણની શરતો તથા સ્થાનિક**

**તપાસ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવાની શરતે સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે સંસ્થા/કોલેજ કરે તો સંસ્થાને બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાને અરજી કરવા એન.ઓ.સી. આપવું તેમજ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માન્યતા મળ્યા બાદ કાયદા વિદ્યાશાખાના પ્રથમ વર્ષ એલએલ.બી. અભ્યાસક્રમનું તા.૧૫/૦૬/૨૦૧૯ થી તા.૧૪/૦૬/૨૦૨૦ સુધીનું એકવર્ષનું નવું જોડાણ તેમજ સૈદ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

**(નોંધ:- ઉપર્યુક્ત કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ “૧૩” તરીકે આ સાથે સામેલ છે.)**

૩૬ હોમીયોપેથીક વિદ્યાશાખામાં BHMS વર્ષ-૨માં FORENCSIC MEDICINE & TOXICOLOGY વિષયનાં
પરીક્ષા-૪ પુનઃમુલ્યાંકન માર્ક્સ બાબત અને આવા અન્ય કિસ્સાઓ સંદર્ભે વિચારણા કરવા બાબત.

શ્રી વી એન વ્યાસ હોમિયોપેથિક કોલેજ અમરેલીના BHMS વર્ષ ૨ ના વિદ્યાર્થીએ જ્યારે RTI કરાવેલ ત્યારે જે ઉત્તરવહીની ઝેરોક્ષ આપવામાં આવેલ તે પુનઃમુલ્યાંકન પહેલાની આપેલ છે. જેમાં તેમની રજૂઆત પ્રમાણે તેમના માર્ક્સ માં ૮ માર્ક્સનો ફેરફાર થાય છે. જેમાં તે ઝેરોક્ષમાં FORENCSIC MEDICINE & TOXICOLOGY SEC-1 માં તેઓના માર્ક્સ ૧૫ દર્શાવેલ છે. જેમાં ૧૫+૮ તફાવત ઉમેરતા કુલ માર્ક્સ ૨૩ થાય છે. તેમજ FORENCSIC MEDICINE & TOXICOLOGY SEC-2 માં ૧૮ માર્ક્સ મળેલ છે. બન્નેનો સરવાળો કરતા ૨૩+૧૮=૪૧ થાય છે. પરંતુ તેમનો પાસિંગ માર્ક્સ ૫૦ નો હોય છે. જે થી વિદ્યાર્થી નાપાસ થાય છે પરંતુ હોમિયોપેથિક ફેકલ્ટીના ગ્રેસિંગ ના લાભ સાથે પાસ થઈ શકે છે.

ઉક્ત બાબત માં કોલેજ તરફથી ૧૦/૦૮/૨૦૧૮ના રોજ પુનઃમૂલ્યાંકનના ફોર્મ તથા ફી આવેલ હતી જ્યારે વિદ્યાર્થીએ RTI તા.૦૯/૦૮/૨૦૧૮થી કરેલ તેની અરજી અત્રે તા.૧૩/૦૮/૨૦૧૮ના રોજ મળેલ હતી. પુનઃમુલ્યાંકન પ્રક્રિયામાં ઉત્તરવહી ચેક કરવાની પ્રક્રિયા માં વિલંબ થતો હોય તેમજ RTI માં ૩૦ દિવસમાં જવાબ અરજદારને આપવાનો નિયમ હોય આ સંજોગોમાં પુનઃમુલ્યાંકન થયા પહેલાની ઉત્તરવહીની નકલ આપેલ હતી.

આમ વિભાગમાં વારંવાર RTI માં પુનઃમુલ્યાંકન અંગે ના પ્રશ્નો આવતા હોય તેથી આ બાબત સિન્ડિકેટમાં મુકવા તેમજ તે અંગે નીતિ નક્કી કરવા વિચારણા કરવા અંગે.

**આથી ઠરાવવામાં આવે છે કે પુનઃમુલ્યાંકનની પ્રક્રિયા ચાલુ હોય ત્યારે RTIમાં ઉત્તરવહી આપી શકાય નહિ તેથી પુનઃમુલ્યાંકનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ RTIની પ્રક્રિયા હાથ ધરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે RTI અંતર્ગત ઉત્તરવહીની નકલ આપતા પહેલા તેનાં બધા પ્રશ્નોની ચકાસણી થયેલ છે કે નહિ ? તેમજ બધા પ્રશ્નોના ગુણ મુખ્ય પાના ઉપર દર્શાવવામાં આવેલ છે કે નહિ ? અને તે ગુણનો સરવાળો બરાબર છે કે નહિ ? તે ચકાસીને પછી જ ઉત્તરવહીની નકલ આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જો કોઈ ઉત્તરવહીમાં આ પ્રકારની તકનીકી ભૂલ ધ્યાનમાં આવે તો તે ભૂલ સુધારી ગુણ સુધારવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે RTI અંતર્ગત કોઈ વિદ્યાર્થી દ્વારા ઉત્તરવહી માંગવામાં આવેલ હોય તેમાં જે વિદ્યાર્થીને અસંતોષ હોય અને ચેલેન્જ કરવામાં આવે તો વિદ્યાર્થી પાસેથી રૂ.૨૦૦૦/- ફી વસુલ કરી આ ઉત્તરવહીનું વિષય નિષ્ણાંત પાસે પુનઃમૂલ્યાંકન કરાવવું અને પુનઃમૂલ્યાંકનનાં નિયમો અનુસારના ગુણ સુધરતા હોય તો તે અનુસાર ગુણ સુધારવા અને ફી રૂ.૨૦૦૦/- રીફંડ કરવી અને પુનઃમૂલ્યાંકનનાં નિયમાનુસારનાં ગુણ ન સુધરે તો કોઈ ફી પરત કરવાની રહેશે નહિ.**

૩૭ ડૉ. ધરમભાઈ કાંબલીયા તરફથી તા.૨૦/૧૧/૨૦૧૮ના આવેલ પત્રમાં મુદા નં.૨ પરત્વે
પરીક્ષા-૪ વિચારણા કરવા બાબત.

નોંધઃ- મુદા નં.-૨માં જણાવ્યા મુજબ અપવાદરૂપ કિસ્સાઓમાં વિદ્યાર્થીઓની ઉતરવહીના મુલ્યાંકન બાદ ઉતરવહીના પ્રથમ પાના ઉપર પ્રશ્નવાઈઝ જે ગુણ દર્શાવવામાં આવેલ હોય અને તેનો સમાવેશ ઉતરવહીના ડોકેટમાં કરેલ હોય તેના કરતા ઉતરવહીના પ્રશ્નવાઈઝ આપેલા માર્ક્સ જુદા હોય અને માહિતી આધિકાર અન્વયે વિદ્યાર્થીઓને નકલ આપવામાં આવે ત્યારે ઉપરોક્ત બાબત ધ્યાનમાં આવે છે. જેથી વિદ્યાર્થીને ડોકેટમાં આપેલ માર્ક્સ ધ્યાનમાં લીધા સિવાય ખરેખર ઉતરવહીના દરેક પ્રશ્નના અંતે જે માર્ક્સ ધ્યાને લઈ તે મુજબનો સુધારા સાથેની માર્કસીટ અને જરૂરી હોય તો પરિણામ જાહેર કરવા વિનંતી કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે ઉપરોક્ત બાબતની ચર્ચા આઈટમ નં.૩૬ સાથે કરવામાં આવી.**

**અંતમાં અધ્યક્ષશ્રીનો આભારમાની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.**

નં.સિન્ડિકેટ/૭૮/૨૦૧૮
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૧૦/૧૨/૨૦૧૮



કુલસચિવ

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

<u>નકલ રવાના</u>::--

૧. માન.કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

૨. એકેડેમિક ઓફિસરશ્રી. ૩. પરીક્ષા નિયામકશ્રી.